રાજ્યના જેલ પ્રભાગમાં સિપાઇ સંવર્ગમાં નિયુક્ત થયેલ કર્મચારીઓની તાલીમ સંબંધિત નિયમો તથા અભ્યાસક્રમ માન્ય કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
**ક્રમાંકઃજલમ-૫૦૨૦૧૧-૧૨૫૯-જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ૦૫/૦૯/૨૦૧૪**

વંચાણે લીધાઃ

(૧) ગૃહ વિભાગના તા.૦૨/૦૭/૧૯૮૧ના ઠરાવ ક્રમાંકઃJLM-9581-1830-(4)-J
(૨) ગૃહ વિભાગના તા.૨૧/૦૬/૨૦૧૩નો સમાનાંકી ઠરાવ
(૩) પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદના તા.૨૬/૦૮/૨૦૧૩ના પત્ર ક્રમાંકઃમકમ/ખ/૩/૨૧૩૬/૨૦૧૩ તથા
(૪) પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદના તા.૦૫/૧૨/૨૦૧૩ના પત્ર ક્રમાંકઃમકમ/ખ/૩/૩૨૨૬/૨૦૧૩ તથા
(૫) પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, અમદાવાદના તા.૦૮/૦૮/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃમકમ/ખ/૩/૧૭૦૩/૨૦૧૪

આમુખઃ

રાજ્યના જેલ પ્રભાગમાં સિપાઇ સંવર્ગમાં નિયુક્ત થતા કર્મચારીઓ માટેનો અભ્યાસક્રમ અને તાલીમ સંબંધિત નિયમો 'સ્ટાફ ટ્રેનિંગ રુલ્સ, ૧૯૮૧' હેઠળ આમુખઃ(૧)માં દર્શાવેલ ઠરાવથી પ્રસિદ્ધ કરવામાં આવેલ. પ્રવર્તમાન સંજોગો અને પડકારોને લક્ષમાં લઇ પ્રસ્તુત તાલીમને વધુ કાર્યક્ષમ બનાવવાના હેતુથી નવનિયુક્ત સિપાઇ સંવર્ગના કર્મચારીની ચાર માસની મૂળભૂત તાલીમના સમયગાળામાં આમુખઃ(૨)ના ઠરાવથી વધારો કરી, નવ માસની તાલીમની આપવામાં આવેલ મંજૂરી અન્વયે તે સમયગાળાને ધ્યાને રાખી કાર્યક્ષમ અભ્યાસક્રમ તથા તાલીમાર્થીને તાલીમ માટેના નિયમો સુનિશ્ચિત કરવાના રહેતા હોઇ, તે મુજબનો સત્ર પ્રમાણેનો અભ્યાસક્રમ તથા તાલીમાર્થી માટેના તાલીમ સંબંધિત નિયમો તૈયાર કરી તેને અનુમોદન આપવા માટે આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ(૩), (૪) તથા (૫)થી જરૂરી સૂચિત સુધારા વધારા સાથેની દરખાસ્ત સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ છે.

ઠરાવઃ

રાજ્યના જેલ પ્રભાગમાં નિયુક્ત થયેલ સિપાઇ સંવર્ગની નવ માસની મૂળભૂત તાલીમ માટેના તાલીમ તથા અભ્યાસક્રમ સંબંધિત નિયમો અંગેની જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની કચેરી તરફથી આમુખમાં દર્શાવેલ ક્રમાંકથી રજૂ કરવામાં આવેલ જુદી જુદી દરખાસ્તોનું કાળજીપૂર્વક અવલોકન કરી, તેમાં આવશ્યક સુધારા વધારા સાથેના નીચે મુજબના કોષ્ટકમાં સૂચિત કરવામાં આવેલ પરિશિષ્ટ મુજબના તાલીમ સંબંધિત નિયમો તથા અભ્યાસક્રમને મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | પરિશિષ્ટ |
|---|---|---|
| ૧ | તાલીમ સંબંધિત નિયમો ૧ થી ૧૪ | પરિશિષ્ટ-૧ |
| ૨ | આઉટડોર તાલીમ માટેના વિષયોની સૂચિ | પરિશિષ્ટ-૧.૧ |
| ૩ | આઉટડોર તાલીમ અંગેની પ્રાયોગિક પરીક્ષાનો ગુણભાર | પરિશિષ્ટ-૧.૨ |
| ૪ | પ્રતિ સત્રના અંતે લેવાનાર ઇન્ડોર પરીક્ષાની પદ્ધતિ | પરિશિષ્ટ-૧.૩ |
| ૫ | ઇન્ડોર તાલીમ અંગેનો સત્ર મુજબ વિષયવાર અભ્યાસક્રમ | પરિશિષ્ટ-૨ |

-પાછળ-

પ્રસ્તુત તાલીમ સંબંધિત નિયમો તથા અભ્યાસક્રમ પ્રસ્તુત ઠરાવની તારીખથી અમલી ગણાશે

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(દિલીપ જી. સોની)**
**નાયબ સચિવ**
**ગૃહ વિભાગ**

**પ્રતિ,**

- પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી **(તાલીમ)**, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ અકાદમી, કરાઇ, જિ.ગાંધીનગર
- આચાર્યશ્રી, પોલીસ તાલીમ શાળા, વડોદરા
- આચાર્યશ્રી, રાજ્ય અનામત પોલીસ દળ તાલીમ શાળા, સોરઠ ચોકી, જિ.જૂનાગઢ
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ
- સર્વે જેલ અધિક્ષકશ્રીઓ **(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફતે)**
- સર્વે નાયબ/સંયુક્ત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે વહીવટી શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ

# પરિશિષ્ટ-૧

## ગુજરાત રાજ્યના જેલ પ્રભાગ માટે ગુજરાત પ્રિઝન (સ્ટાફ ટ્રેનિંગ) નિયમો, ૧૯૮૧ હેઠળ જેલ ખાતાનાં નવનિયુક્ત સિપાઇ વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓની મુળભૂત નવ માસની તાલીમ અંગેનાં નિયમોઃ-

---

**(૧)** જેલ ખાતાના નવનિયુક્ત સિપાઇ વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓની મુળભૂત તાલીમનો સમયગાળો ૯ (માસ)નો રહેશે. આ તાલીમને પ્રથમ સત્ર, દ્વિતીય સત્ર, તથા તૃતીય સત્ર એ રીતેના ત્રણ સત્રમાં વહેંચવામાં આવેલ છે. પ્રત્યેક સત્રનો સમયગાળો ત્રણ માસનો રહેશે.

**(૨) નવનિયુક્ત સિપાઇ વર્ગ-૩ સંવર્ગની મુળભૂત તાલીમને બે ભાગમાં વહેંચવામાં આવેલ છે. જેમાં,-**

૧. આઉટડોર (પરેડ, પી.ટી. રમતગમત/શ્રમદાન તથા ફાયરીંગ)

૨. ઈન્ડોર (વર્ગખંડમાં જુદા-જુદા વિષય ઉપરનાં વ્યાખ્યાન વગેરે)

## આઉટડોર તાલીમઃ

આઉટડોર તાલીમમાં શારીરિક કવાયત, પરેડ, રમતગમત તથા શ્રમદાન વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

દિવસ દરમિયાનની **આઉટડોર તાલીમને** સવાર તથા સાંજ એમ બે સેશનમાં નીચે મુજબ વહેંચણી કરવામાં આવેલ છે.

### પ્રથમ સેશન

| | |
|---|---|
| પ્રથમ પીરીયેડ | ૦૬.૦૦ થી ૦૬.૪૫ કલાક |
| બીજો પીરીયેડ | ૦૬.૫૫ થી ૦૭.૩૫ કલાક |
| રીશેષ/બ્રેકફાસ્ટ | ૦૭.૩૫ થી ૦૮.૦૫ કલાક |
| ત્રીજો પીરીયેડ | ૦૮.૦૫ થી ૦૮.૪૫ કલાક |

### દ્વિતીય સેશન

| | |
|---|---|
| ચોથો પીરીયેડ | ૧૬.૦૦ થી ૧૬.૪૦ કલાક |
| રીશેષ/બ્રેકફાસ્ટ | ૧૬.૪૦ થી ૧૭.૦૦ કલાક |
| પાંચમો પીરીયેડ | ૧૭.૦૦ થી ૧૮.૦૦ કલાક રમતગમત/શ્રમદાન |

**નોંધ- ઋતુ પ્રમાણે સવારની પરેડનો સમય અનુકૂળતા અનુસાર વહેલો મોડો કરવાનો રહેશે.**

## <u>ઇન્ડોર તાલીમઃ</u>

તાલીમાર્થીઓની **<u>ઇન્ડોર તાલીમ</u>** નીચે મુજબ રહેશે.

### પ્રથમ સેશન

| | |
|---|---|
| **પ્રથમ પીરીયેડ** | **૧૦.૧૫ થી ૧૧.૦૦ કલાક** |
| **બીજો પીરીયેડ** | **૧૧.૦૫ થી ૧૨.૦૦ કલાક** |
| **રીશેષ/લંચ ટાઇમ** | **૧૨.૦૫ થી ૧૪.૪૦ કલાક** |
| **ત્રીજો પીરીયેડ** | **૧૪.૪૫ થી ૧૫.૩૦ કલાક** |
| **રોલકોલ** | **૨૦.૦૦ થી ૨૦.૩૦ કલાક** |

આઉટડોર તાલીમ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સત્રનાં સમય, સીલેબસ, બ્લોક સીલેબસ, બ્લોક ટાઈમ સીલેબસ અને ડીટેઈલ્સ સીલેબસ મુજબ સાપ્તાહિક તાલીમ કાર્યક્રમ બનાવવાનો રહેશે.

(૩) દરેક તાલીમાર્થીની પ્રોગેસ શીટ રાખવી.

(૪) દરેક સત્રનાં અંતે આઉટડોર/ઈન્ડોરની લેખિત પરીક્ષા લેવાની રહેશે. આઉટડોર તથા ઈન્ડોર પ્રત્યેક બેચમાં બન્ને અલગ અલગ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટેનું ગુણનું ધોરણ ન્યુનતમ ૩૫% ગુણ રહેશે. ૩૫% થી નીચે ગુણ મેળવનારને અનુત્તીર્ણ જાહેર કરવાના રહેશે.

(૫) દરેક તાલીમાર્થીએ દરેક સત્રની આઉટડોર/ઈન્ડોર પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું રહેશે. જે તે બેચમાં અનુતીર્ણ થનાર તાલીમાર્થીને પ્રતિ બેચમાં એક એક તક આપી જે તે બેચમાંજ ચાલુ રાખવાના રહેશે. અને જે તે તકમાં પણ તાલીમાર્થી અનુત્તીર્ણ થાય તો તેવા તાલીમાર્થીને ફરજમાંથી છૂટા કરવાના રહેશે.

(૬) પ્રત્યેક બેચ માટેની પરીક્ષામાં બેસવા માટે તાલીમાર્થીની પ્રતિબેચમાં **૭૫%** હાજરી આવશ્યક છે. જે તાલીમાર્થીની પૂરતી હાજરી નહીં હોય તેવા તાલીમાર્થીને પરીક્ષામાં બેસવા દેવાના રહેશે નહીં.

(૭) તાલીમ દરમ્યાન તાલીમાર્થીને અનાવશ્યક રજા આપવી નહીં.

**(૮) દરેક તાલીમાર્થીઓને તાલીમ દરમિયાન નીચેની વિગતે રજાઓ મળવાપાત્ર રહેશે.**

સામાન્ય સિદ્ધાંતો પ્રમાણે તાલીમ દરમિયાન કોઈ પણ તાલીમાર્થીની રજા કે આઉટપાસ મંજૂર કરવામાં આવશે નહિં. અનિવાર્ય સંજોગોમાં રજાની જરૂર પડે તો માત્ર તાલીમ શાળાના આચાર્યના હુકમથી રજા આપવામાં આવશે. તે સિવાય કોઈ પણ અધિકારીને આ સત્તા આપવામાં આવતી નથી.

તાલીમનાં સમય દરમિયાન કુલ ૯ (નવ) પરચૂરણ રજા તથા ૯(નવ) હેડક્વાટર લીવ મળવાપાત્ર છે.

(૯) તાલીમાર્થીને દર માસનાં બીજા રવિવારે સવારનાં ફોલઇનથી રાત્રિનાં રોલકોલ સુધી આઉટપાસ આપવામાં આવશે.

**(૧૦)** જે તાલીમાર્થી સળંગ ૩૦ દિવસથી વધારે ગેરહાજર રહે તો તે તાલીમાર્થીને જે તે જેલ, કચેરી ખાતે પરત કરવો અને નવી બેચમાં સંબંધિત તાલીમાર્થીનો સમાવેશ કરવા માટે જે તે જેલ, કચેરીના વડાએ ખાતાનાં વડાની મંજૂરી મેળવી પછીથી તાલીમમાં મોકલવાના રહેશે.

**(૧૧) તાલીમ દરમિયાન એક વખત સંબંધિત ફાયરીંગ રેન્જ ઉપર નીચે મુજબના હથિયારોનું ફાયરીંગ કરાવવાનું રહેશે.**

(૧) મીનીયેચર રેંજ .૨૨ બોર રાઈફલનું ફાયરીંગ

(૨) ફાયરીંગ બટ .0303 રાઈફલનું ફાયરીંગ

**(૧૨)** તાલીમના અંતે તાલીમાર્થીનો દીક્ષાંત સમારોહ રાખવાનો રહેશે.

**(૧૩)** તાલીમનાં અંતે દીક્ષાંત સમારોહ દરમિયાન જે તે તાલીમમાં વિવિધ ક્ષેત્રે પ્રથમ, દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરનાર તાલીમાર્થીને નિયમાનુસાર ઇનામ આપી સમ્માનિત કરવાના રહેશે.

**(૧૪)** દરેક તાલીમાર્થીએ તાલીમ તથા ફરજ સંબંધિત સરકારશ્રી/ખાતાના વડાની વખતો વખતની સૂચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

# પરિશિષ્ટ-૧.૧

## આઉટડોરની તાલીમ માટેના વિષયોની સૂચિ

| અ.નું. | વિષય |
|---|---|
| ૧ | પી.ટી. |
| ૨ | યોગા |
| ૩ | આધુનિક પી.ટી. |
| ૪ | અનાર્મ કોમ્બેટ |
| ૫ | સ્કવોર્ડ ડ્રીલ |
| ૬ | પ્લાટુન ડ્રીલ |
| ૭ | સરમોનીયમ પરેડ |
| ૮ | રાઇફલ એકસસાઇઝ |
| ૯ | રાઇફલ પી.ટી. |
| ૧૦ | બેનેટ કવાયત |
| ૧૧ | આધુનિક હથિયાર |
| ૧૨ | મસ્કેટ્રી/હથીયારી તાલીમ |
| ૧૩ | ફાયર કંટ્રોલ |
| ૧૪ | લાઠી ડ્રીલ |
| ૧૫ | મોબ ડ્રીલ |
| ૧૬ | ડેકોઇટ ઓપરેશન |
| ૧૭ | ગાર્ડ એન્ડ સંત્રી ડયુટી |
| ૧૮ | પ્રિઝનલ પાર્ટી, કેદી પાર્ટી, હથકડી, રસ્સા |
| ૧૯ | સેક્શન ફોર્મેશન |
| ૨૦ | ડીઝાસ્ટર મેનેજમેન્ટ, રોપ કલાઇમીંગ |
| ૨૧ | રૂટ માર્ચ |
| ૨૨ | બ્યુગલ કોલ/વ્હીસલ કોલ |
| ૨૩ | ગેમ્સ/ સ્પોર્ટસ /શ્રમદાન |
| ૨૪ | ફાયરીંગ.૨૨ |
| ૨૫ | ફાયરીંગ ટેસ્ટ.303 |
| ૨૬ | પરીક્ષા |
| ૨૭ | પાસીંગ આઉટ પરેડ પ્રેકટીસ |
| ૨૮ | પાસીંગ આઉટ પરેડ પ્રેકટીસ |

# પરિશિષ્ટ-૧.૨

## આઉટડોર તાલીમ અંગેની પ્રાયોગિક પરીક્ષાનો ગુણભાર

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | લાઠી ડ્રીલ | ૨૦ ગુણ |
| ૨ | સેરીમોનીયલ પરેડ | ૨૦ ગુણ |
| 3 | પ્લાટુન ડ્રીલ | ૨૦ ગુણ |
| ૪ | પી.ટી. ઓબ્સ્ટીકલ | ૨૦ ગુણ |
| ૫ | ગાર્ડ એન્ડ સંત્રી ડયુટી | ૨૦ ગુણ |
| ૬ | મોબ ડ્રીલ | ૨૦ ગુણ |
| ૭ | અનાર્મ કોમ્બેટ | ૨૦ ગુણ |
| ૮ | બેનેટ કવાયત | ૨૦ ગુણ |
| ૯ | રાઇફલ એકસસાઇઝ | ૨૦ ગુણ |
| ૧૦ | રાઇફલ પી.ટી. | ૨૦ ગુણ |
| | કુલ ગુણ | ૨૦૦ |

# પરિશિષ્ટ-૧.3

## પ્રતિ સત્રના અંતે લેવાનાર ઇન્ડોર પરીક્ષાની પદ્ધતિ

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | પેપર નંબર -૧<br>જેલ વિષયક (જેલમાં ટેકનીકલ સાધનોનો ઉપયોગ સહિત) |
| ૨ | પેપર નંબર -૨<br>માનવ અધિકાર, ભારતીય બંધારણ, સી.આર.પી.સી ,વિક્ટીમોલોજી ,આઈ.પી.સી. |
| 3 | પેપર નંબર -3<br>ગુજરાત સેવા (શિસ્ત અને અપીલ) નાં નિયમો-૧૯૭૧, માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ |
| ૪ | પેપર નંબર -૪<br>સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ક્રિમીનોલોજી |
| ૫ | પેપર નંબર -૫<br>પી.ટી. તથા હથિયાર |

**નોંધઃ ઉક્ત અ.નં.૧ થી ૫માં ઉલ્લેખિત ઇન્ડોર વિષયોની પરીક્ષા વર્ણનાત્મક, અને પ્રત્યેક વિષયના ગુણ ૫૦ રહેશે. અને વિષયવાર પરીક્ષાની સમયાવધિ બે કલાકની રાખવાની રહેશે.**

# ગૃહ વિભાગના તા.૫/૦૯/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃજલમ/૫૦૨૦૧૧/૧૨૫૯/જનું બિડાણ

## પરિશિષ્ટ-૨

**ગુજરાત રાજ્યના જેલ પ્રભાગમાં નવનિયુક્ત સિપાઇ વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓની મૂળભૂત તાલીમ અંગેનો સત્ર મુજબ અભ્યાસક્રમ**

| ક્રમ | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | તૃતીય સત્ર |
|---|---|---|---|
| ૧ | જેલ વિષયક | જેલ વિષયક | જેલ વિષયક |
| | **(૧) મુંબઇ જેલ મેન્યુઅલ**<br>(૧) સુધારાત્મક પ્રવૃત્તિ અંગેનો ઈતિહાસ<br>(૨) પ્રકરણ-૧ નિયમ-૧ થી ૯, ૯-એ<br>(૩) પ્રકરણ-૨ નિયમ-૧૦, ૧૬ થી ૨૦, ૨૬<br>(૪) પ્રકરણ-૪ નિયમ ૧૨૪ થી ૧૩૨<br>(૫) પ્રકરણ-૫ નિયમ ૧૩૩ થી ૧૫૬<br>(૬) પ્રકરણ-૬ નિયમ ૧૫૭ થી ૧૫૯, ૧૬૧<br>(૭) પ્રકરણ-૭ નિયમ ૧૮૫ થી ૧૮૮, ૧૯૧ થી ૧૯૭<br>(૮) પ્રકરણ-૮ નિયમ ૧૯૮ થી ૨૩૬<br>(૯) પ્રકરણ-૯ નિયમ ૨૩૭ થી ૨૪૪<br>**(૨) એકાઉન્ટ મેન્યુઅલ**<br>(૧)રજિસ્ટર નંબર- ૧ થી ૬<br>**(૩) પ્રિઝન એક્ટ**<br>(૧) પ્રકરણ-૫ કલમ ૨૭ | **(૧) મુંબઇ જેલ મેન્યુઅલ**<br>(૧૦) પ્રકરણ-૧૦ નિયમ ૨૯૫,૩૦૪,૩૧૦ થી ૩૧૯<br>(૧૧) પ્રકરણ-૧૨ નિયમ ૩૪૧ થી ૩૫૪<br>(૧૨) પ્રકરણ-૧૫ નિયમ ૪૦૩ થી ૪૨૦<br>(૧૩) પ્રકરણ-૧૮ નિયમ ૪૭૮ થી ૪૮૧<br>(૧૪) પ્રકરણ-૧૯ નિયમ ૪૯૧ થી ૪૯૭, ૫૧૮ થી ૫૪૬<br>(૧૫) પ્રકરણ-૨૨ નિયમ ૬૮૭ થી ૭૨૦<br>(૧૬) પ્રકરણ-૨૩ ૭૪૬ થી ૮૨૨<br>(૧૭) પ્રકરણ-૨૬ નિયમ ૮૬૨ થી ૮૭૫<br>(૧૮) પ્રકરણ-૨૮ નિયમ ૯૫૬ થી ૯૭૦<br>**(૨) એકાઉન્ટ મેન્યુઅલ**<br>(૧) રજિસ્ટર નંબર- ૭ થી ૧૪<br>**(૩) પ્રિઝન એક્ટ**<br>(૨) પ્રકરણ-૯ કલમ ૪૦, ૪૧ | **(૧) મુંબઇ જેલ મેન્યુઅલ**<br>(૧૯) પ્રકરણ-૩૦ નિયમ ૧૦૧૧ થી ૧૦૩૫<br>(૨૦) પ્રકરણ-૩૧ ૧૦૩૬ થી ૧૦૮૫<br>(૨૧) પ્રકરણ-૩૨ નિયમ ૧૦૮૬ થી ૧૧૧૪<br>(૨૨) પ્રકરણ-૩૪ નિયમ ૧૨૨૯ થી ૧૨૪૫,<br>(૨૩) પ્રકરણ-૩૫ નિયમ ૧૨૪૭ થી ૧૨૭૪<br>(૨૪) પ્રકરણ-૩૬ નિયમ ૧૨૭૫ થી ૧૩૧૬<br>(૨૫) પ્રકરણ-૩૭ નિયમ ૧૩૧૭ થી ૧૩૭૩<br>(૨૬) પ્રકરણ-૩૮ નિયમ ૧૩૭૪ થી ૧૩૯૧<br>(૨૭) પ્રકરણ-૪૨ નિયમ ૧૫૦૦ થી ૧૫૯૪<br>**(૨) એકાઉન્ટ મેન્યુઅલ**<br>રજિસ્ટર નંબર ૨૦,૨૧,૨૨,૩૪,૩૬,૩૭<br>**(૩) પ્રિઝન એક્ટ**<br>(૩) પ્રકરણ ૧૧ કલમ ૪૫ થી ૪૮ |

| | | | |
|---|---|---|---|
| | **(૪) ગુજરાત રાજ્ય જેલ મેન્યુઅલ-સુધારેલ ૬ પ્રકરણ**<br>(૧) ગુજરાત જેલ (નિત્યક્રમ) નિયમો,૧૯૭૩<br>નિયમ- ૧ થી ૪૨ તથા ફોર્મના નમુના નંબર ૧થી૫<br>(૨) કેદીઓને ખસેડવા બાબતનાં હુકમો, ૧૯૭૬<br>**(૫) ગુજરાત સ્ટેટ જેલ મેન્યુઅલના ૧૯ રિવાઈઝડ પ્રકરણ**<br>પ્રકરણ-૧ થી ૩<br>ગુજરાત પ્રિઝન્સ (સ્ટાફ ફંક્શન) રુલ્સ, ૧૯૭૫ના નિયમ ૨૬ થી ૫૯<br>પ્રકરણ-૪ ગુજરાત પ્રિઝન્સ (કન્વીક્ટ ઓફિસર્સ) રુલ્સ, ૧૯૭૨ના નિયમ ૧ થી ૯<br>પ્રકરણ-૬ ગુજરાત પ્રિઝન્સ (વિઝીટર્સ) રુલ્સ,૧૯૭૪ નિયમ ૧ થી ૧૨<br>**(૬) ધી મુંબઇ ફર્લો/પેરોલ રુલ્સ, ૧૯૫૯ ની સમજ** | **(૪) ગુજરાત રાજ્ય જેલ મેન્યુઅલ- સુધારેલ ૬ પ્રકરણ**<br>(૩) ગુજરાત જેલ (કેદીઓની મિલ્કત અને દસ્તાવેજો બાબતના) નિયમો, ૧૯૭૪ના નિયમ ૮ થી ૧૨<br>(૪) ગુજરાત જેલ (બેડીંગ, કપડા અને સાધન સામગ્રી) નિયમો, ૧૯૭૭ના નિયમ ૧ થી ૪૭<br>**(૫) ગુજરાત સ્ટેટ જેલ મેન્યુઅલના ૧૯ રિવાઈઝડ પ્રકરણ**<br>પ્રકરણ -૭- ગુજરાત પ્રિઝન્સ (રૂટીન) રુલ્સ, ૧૯૭૩ના નિયમ ૧ થી ૪૨<br>પ્રકરણ-૮ ગુજરાત પ્રિઝન્સ (ડેથ ઓફ પ્રિઝનર્સ) રુલ્સ, ૧૯૭૪ના નિયમ ૧ થી ૧૩<br>પ્રકરણ-૯ ગુજરાત પ્રિઝન્સ (રિમુવલ ઓફ પ્રિઝનર્સ ) રુલ્સ, ૧૯૭૬ના નિયમ ૧ થી ૩૨<br>**(૬) ધી પ્રિઝનર એક્ટ, ૧૯૦૦**<br>(૧) એપેન્ડીક્ષ-૧ કલમ એ.બી.સી. ૧ થી ૧૧ તથા ૬૭ થી ૭૦<br>**(૭) ટ્રાન્સફર ઓફ પ્રિઝનર્સ એક્ટ ,૧૯૫૦**<br>નિયમ- ૩ | **(૪) ગુજરાત રાજ્ય જેલ મેન્યુઅલ- સુધારેલ ૬ પ્રકરણ**<br>(૫) ગુજરાત જેલ (કેદીઓ માટેના ખોરાક) નિયમ, ૧૯૭૫ના નિયમ ૧૪, ૩૪, ૩૫, ૩૭, ૩૯, ૪૨, ૫૬, ૫૮ થી ૬૦,<br>(૬) ધી ગુજરાત પ્રિઝન્સ (સ્ટાફ ફંક્શન) રુલ્સ, ૧૯૭૫ના નિયમ ૨૫ થી ૫૯<br>**(૫) ગુજરાત સ્ટેટ જેલ મેન્યુઅલના ૧૯ રિવાઈઝડ પ્રકરણ**<br>પ્રકરણ-૧૦ ગુજરાત પ્રિઝન્સ (પ્રિઝનર્સ પ્રોપર્ટી એન્ડ ડોક્યુમેન્ટ) રુલ્સ, ૧૯૭૪ના નિયમ ૧ થી ૧૯<br>પ્રકરણ-૧૧ ગુજરાત પ્રિઝન્સ (બેડીંગ, કલોધીંગ ઈક્વીપમેન્ટ ) રુલ્સ, ૧૯૭૭ના નિયમ ૧થી ૪૮<br>પ્રકરણ-૧૨ ગુજરાત પ્રિઝન્સ (એમ્પ્લોયમેન્ટ ઓફ પ્રિઝનર ) રુલ્સ, ૧૯૭૩ના નિયમ ૧થી ૨૪<br>પ્રકરણ-૧૩ ગુજરાત પ્રિઝન્સ (ડાયટ ઓફ પ્રિઝનર્સ) રુલ્સ, ૧૯૭૫ના નિયમ ૧ થી ૬૦<br>પ્રકરણ-૧૪ ગુજરાત પ્રિઝન્સ (ફેસીલીટી ઓફ ઈન્ટરવ્યુઝ, કોમ્યુનીકેશન) રુલ્સ, ૧૯૭૩ના નિયમ ૧ થી ૬૦ |

| | | | |
|---|---|---|---|
| | | | પ્રકરણ-૧૭ ગુજરાત પ્રિઝન્સ (કન્સેશન્સ એન્ડ રિવોર્ડઝ ટુ જેલ સ્ટાફ ) રુલ્સ, ૧૯૮૧ના નિયમ ૨, ૧૨ થી ૧૬<br>પ્રકરણ ૧૮-ગુજરાત પ્રિઝન્સ (સ્ટાફ ટ્રેનીંગ) ટુ ધી જેલ ડિપાર્ટમેન્ટ રુલ્સ ૧૯૮૧ના નિયમ ૧થી૯ |
| ૨ | ક્રિમીનોલોજી (અપરાધ શાસ્ત્ર) | ક્રિમીનોલોજી (અપરાધ શાસ્ત્ર) | ક્રિમીનોલોજી (અપરાધ શાસ્ત્ર) |
| | (૧) અપરાધ વિશે પ્રજાનાં ભ્રામક ખ્યાલો અને માન્યતાઓ<br>(૨) અપરાધનાં ખ્યાલને મળતા ખ્યાલોઃ અપરાધ વ્યસન, દુર્ગુણ, અપાલન, અનૈતિકતા<br>(૩) અપરાધનાં વિશિષ્ટ લક્ષણો અને અપરાધીઓનું વર્ગીકરણ | (૪) અપરાધી એટલે શું? કોને અપરાધી ગણવો? અપરાધીની કાનૂની વ્યાખ્યાઃ શું કેદીઓ અપરાધી છે?<br>(૫) જનીનસૂત્રો અને અપરાધ, અપરાધ અને શરીર સૌષ્ઠવ | (૬) અપરાધ અંગેનાં વ્યક્તિલક્ષી અભિગમો<br>(૭) મનોવૈજ્ઞાનિક પરિબળો અને અપરાધ |
| 3 | સમાજશાસ્ત્ર | સમાજશાસ્ત્ર | સમાજશાસ્ત્ર |
| | (૧) સંગઠીત અપરાધ અને ગુનાઓ<br>(૨) અપરાધલક્ષી સમાજશાસ્ત્રની વિચારધારા<br>(૩) અપરાધ વિશેનાં ખ્યાલો – પ્રેત – શાસ્ત્રીય અભિગમ, નિસર્ગલક્ષી અભિગમ, મુક્ત ઈચ્છા શક્તિનો અભિગમ, સમાજશાસ્ત્રીય વિચારધારા, વ્યક્તિલક્ષી વિચારધારા | (૪) અપરાધ, ભૌગોલિક અને આબોહવાજન્ય પરિબળો<br>(૫) દારૂ અને નશાકારક પદાર્થો<br>(૬) વિચલિત વર્તન | (૭) સામાજીકરણની પ્રક્રિયા અને ગુનાઓ.<br>(૮) ધોરણ, અનુરૂપતા અને ધોરણ ભંગ |
| ૪ | મનોવિજ્ઞાન | મનોવિજ્ઞાન | મનોવિજ્ઞાન |
| | (૧) મનોવિજ્ઞાન અને વર્તન<br>(૨) સ્વાસ્થ્ય અને મનોભાર<br>(૩) મનોવિજ્ઞાનમાં પ્રયોગો, સૂચન<br>(૪) વર્તનના જૈવિક આધારો<br>(૫) આવેગનાં સિદ્ધાંતો લાયડિટેક્ટર | (૬) વ્યક્તિત્વ ટાઈપ–ABC<br>(૭) ભાષા પ્રત્યાયન અને શિક્ષણ અભિસંધાન<br>(૮) કાઉન્સેલીંગ એટલે શું?<br>(૯) મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો<br>(૧૦) ચેતન,અચેતન અને અર્ધચેતન મન વિશે | (૧૧) નેતૃત્વ<br>(૧૨) ટોળુ<br>(૧૩) જૂથ<br>(૧૪) પૂર્વગ્રહ અને મનોવલણ<br>(૧૫) પ્રત્યક્ષીકરણ |

| | | | |
|---|---|---|---|
| ૫ | ડિઝાસ્ટર મેનેજમેન્ટ | ડિઝાસ્ટર મેનેજમેન્ટ | ડિઝાસ્ટર મેનેજમેન્ટ |
| | (૧) આગ લાગે ત્યારે કરવાની કાર્યવાહી અને તેમાં ફાયર બ્રિગેડનો રોલ<br>(૨) ધરતીકંપ સમયે બચાવ માટે કરવાની થતી કામગીરી | (૩) પુર કે હોનારત સમયે રાખવાની થતી સાવચેતી<br>(૪) સંભવિત રોગચાળા સામે બચાવ અંગેની કામગીરી | (૫) રેસ્ક્યુ ઓપરેશન એટલે શું?<br>(૬) વાવાઝોડા સમયે રાખવાની તકેદારી. |
| ૬ | જેલ સલામતી વિષયક ઉપરકણોની સમજ | જેલ સલામતી વિષયક ઉપરકણોની સમજ | જેલ સલામતી વિષયક ઉપરકણોની સમજ |
| | સી.સી.ટી.વી, વાયરલેસ ઉપયોગિતા, મોબાઈલ ડિટેક્ટર મશીન, એકસ-રે સ્કેનર મશીન, નાઈટ વિઝન ગોગલ્સ, ડોર ફ્રેમ મેટલ ડિટેકટર, હેન્ડ હેલ્ડ મેટલ ડિટેકટર, સૈબર-૪૦૦૦ નારકોટીકસ/ એકસપ્લોઝીવ ડિટેક્ટર મશીન, આલ્કોહોલિક મશીન તેમજ જામરની ઉપયોગિતા | સી.સી.ટી.વી, વાયરલેસ ઉપયોગિતા, મોબાઈલ ડિટેક્ટર મશીન, એકસ-રે સ્કેનર મશીન, નાઈટ વિઝન ગોગલ્સ, ડોર ફ્રેમ મેટલ ડિટેકટર, હેન્ડ હેલ્ડ મેટલ ડિટેકટર, સૈબર-૪૦૦૦ નારકોટીકસ/ એકસપ્લોઝીવ ડિટેક્ટર મશીન, આલ્કોહોલિક મશીન તેમજ જામરની ઉપયોગિતા | સી.સી.ટી.વી, વાયરલેસ ઉપયોગિતા, મોબાઈલ ડિટેક્ટર મશીન, એકસ-રે સ્કેનર મશીન, નાઈટ વિઝન ગોગલ્સ, ડોર ફ્રેમ મેટલ ડિટેકટર, હેન્ડ હેલ્ડ મેટલ ડિટેકટર, સૈબર-૪૦૦૦ નારકોટીકસ/ એકસપ્લોઝીવ ડિટેક્ટર મશીન, આલ્કોહોલિક મશીન તેમજ જામરની ઉપયોગિતા |
| | (૧) જેલમાં આધુનિક સાધનો અંતર્ગત સલામતીના પરિપ્રેક્ષ્યમાં સી.સી.ટી.વી.ની ઉપયોગિતા,<br>(૨) જેલમાં રાખવામાં આવતા અનધિકૃત મોબાઈલને શોધી કાઢવા માટે મોબાઈલ સર્ચ મશીનની ઉપયોગિતા. | (૩) સૈબર-૪૦૦૦ નારકોટીકસ/એકસપ્લોઝીવ ડિટેક્ટર મશીનની જાણકારી અને તેની સમજ<br>(૪) એકસ-રે સ્કેનર મશીનની જાણકારી અને તેની સમજ<br>(૫) જામરની ઉપયોગિતા જાણકારી અને તેની સમજ | (૬) હેન્ડ હેલ્ડ મેટલ ડિટેકટરની ઉપયોગિતા વિશે જાણકારી.<br>(૭) ડોરફ્રેમ મેટલ ડિટેકટરની ઉપયોગિતા વિશે જાણકારી.<br>(૮) આલ્કોહોલિક મશીનના ઉપયોગ વિશે જાણકારી |

| | | | |
|---|---|---|---|
| ૭ | જીવન જીવવાની કળા, યોગ તથા પ્રાણાયામ | જીવન જીવવાની કળા, યોગ તથા પ્રાણાયામ | જીવન જીવવાની કળા, યોગ તથા પ્રાણાયામ |
| | (૧) પોઝિટીવ પરિવર્તન<br>(૨) તનાવમુક્ત જીવન<br>(૩) ક્રોધમુક્ત જીવન<br>(૪) સંબધોમાં સકારાત્મકતા<br>(૫) વ્યક્તિત્વ વિકાસ<br>(૬) જીવનમાં સફળતાની ચાવી | (૭) ટાઈમ મેનેજમેન્ટ<br>(૮) રાજયોગ જીવન જીવવાની કળા<br>(૯) એકાગ્રતા પ્રાપ્ત કરવા અંગે<br>(૧૦) યોગથી થતા ફાયદા<br>(૧૧) સાંપ્રત સમયમાં યોગ કરવાથી થતા લાભ<br>(૧૨) યોગ તથા પ્રાણાયામ નિયમિત કરવાથી શરીર સંબંધી તથા માનસિક આરોગ્ય સંબંધી ફાયદા | (૧૩) મુલાધાર ચક્રથી લઇ આજ્ઞાચક્ર જાગૃત કરવા અંગેના પ્રણાયામ<br>(૧૪) આજના યાંત્રિક યુગમાં તનાવમાંથી મુક્તિ મેળવવાના ઉપાયો<br>(૧૫) આસન વિશે જાણકારી<br>(૧૬) અનુલોમ વિલોમ, કપાલભાતી, ભ્રામરી પ્રાણાયામથી થતા ફાયદા<br>(૧૭) ધ્યાન વિષેની સમજ |
| ૮ | પ્રાથમિક સારવાર | પ્રાથમિક સારવાર | પ્રાથમિક સારવાર |
| | (૧) પ્રાથમિક સારવાર એટલે શું? જેલમાં કોઈ કેદી અચાનક બિમાર પડે તે સંજોગોમાં કરવાની થતી પ્રાથમિક સારવાર અંગેની સમજ<br>(૨) શરીરમાં રોગો ઉત્પન્ન થતા પહેલાની અસરો અને તેના ઉપાયો.<br>(૩) હૃદયરોગ વિશે જાણકારી અને તેના ઉપાયો. | (૪) કેદી તથા આરોપીઓને આપવાના થતા મેડીકલ ડાયેટ વિશેની જાણકારી<br>(૫) ડાયાબીટીઝની પ્રાથમિક જાણકારી.<br>(૬) કીડનીનાં રોગો ઉત્પન્ન થવાનાં મૂળ કારણો | (૭) જેલમાં સંભવિત ચામડીના રોગો અંગે લેવાની થતી તકેદારી બાબત<br>(૮) સામાન્ય દવાઓની જાણકારી |
| ૯ | ભારતીય ફોજદારી ધારો | ભારતીય ફોજદારી ધારો | ભારતીય ફોજદારી ધારો |
| | કલમ ૫૩, ૫૪, | કલમ ૫૫, ૫૭. | કલમ ૭૩, ૭૪ |
| ૧૦ | ક્રિમીનલ પ્રોસીઝર કોડ (Cr.P.C ) | ક્રિમીનલ પ્રોસીઝર કોડ (Cr.P.C ) | ક્રિમીનલ પ્રોસીઝર કોડ (Cr.P.C ) |
| | કલમ ૪૪, ૧૨૫, ૧૨૬, ૧૬૭, ૨૬૫-એ થી ૨૬૫-એલ | કલમ ૨૬૭ થી ૨૬૯, ૪૧૭, ૪૧૮, ૪૨૭, ૪૨૮, | કલમ ૪૩૦ થી ૪૩૩, ૪૩૩-એ, ૪૩૪, ૪૩૬-એ. |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | ભારતીય બંધારણ | ભારતીય બંધારણ | ભારતીય બંધારણ |
| | અનુચ્છેદ ૧૪, ૧૫, ૧૭, ૧૯, ૨૦ | અનુચ્છેદ ૨૧ થી ૨૩, ૩૨, ૩૯ એ. | અનુચ્છેદ ૪૨, ૪૩, ૭૨, ૧૬૧ |
| ૧૨ | ફોરેન્સિક સાયન્સ વિષયક | ફોરેન્સિક સાયન્સ વિષયક | ફોરેન્સિક સાયન્સ વિષયક |
| | (૧) ફોરેન્સિક સાયન્સની પ્રાથમિક સમજ અને તે માટેના જેલ ઉપયોગી પ્રાપ્ય સાધનો અને તેની ઉપયોગિતાની જાણકારી<br>(૨) નાર્કોટીક્સ સંબંધિત ચરસ, ગાંજો તથા અફીણ વગેરે પ્રકારનાં નશાકારક પદાર્થોની સામાન્ય ઓળખ કેવી રીતે થઈ શકે તેની સમજ | (૩) નાર્કો ટેસ્ટ અંગેની સામાન્ય જાણકારી<br>(૪)સ્પેક્ટ્રો વોઈસથી અવાજની ઓળખ અંગેની સમજ<br>(૫) તાલીમ દરમિયાન ઉક્ત સાધનોનાં પ્રત્યક્ષ નિદર્શન માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગરની મુલાકાત | (૬) લાઈ ડિટેક્ટરની કામગીરી અંગેની સમજ |
| ૧૩ | માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ | માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ | માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ |
| | (૧) પ્રસ્તાવના નિયમ- ૧.૧ થી ૧.૩<br>(૨) નિયમ ૨.૧ થી ૨.૧૪ | (૩) માહિતી અધિકાર અને વિશિષ્ટ પ્રશ્નો નિયમ-3.૧ થી 3.૬ | (૪) માહિતી અધિકારોની વ્યાવહારિક ઉપયોગિતા નિયમ-૪.૧ થી ૫.૨ |
| ૧૪ | કમ્પ્યુટર | કમ્પ્યુટર | કમ્પ્યુટર |
| | - | (૧) કમ્પ્યુટર તાલીમની ઉપયોગિતા અંગેની સામાન્ય સમજ જેમાં પ્રાયોગિક (ગુજરાતી તથા અંગ્રેજી ટાઈપીંગની કૌશલ્યતા) તથા સૈદ્ધાંતિક | (૧) કમ્પ્યુટર તાલીમની ઉપયોગિતા અંગેની સામાન્ય સમજ જેમાં પ્રાયોગિક (ગુજરાતી તથા અંગ્રેજી ટાઈપીંગની કૌશલ્યતા) તથા સૈદ્ધાંતિક |
| ૧૫ | માનવ અધિકાર | માનવ અધિકાર | માનવ અધિકાર |
| | (૧) માનવ અધિકારનો ઈતિહાસ<br>(૨) માનવ અધિકાર એટલે શું? તે ક્યાંથી અને ક્યારે અમલમાં આવ્યો.<br>(૩) રાષ્ટ્રીય માનવ અધિકાર અને રાજ્ય માનવ અધિકાર પંચનાં કાર્યો અને ફરજ. | (૪) આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર પંચનું કાર્યક્ષેત્ર<br>(૫) સ્ત્રીઓનાં માનવ અધિકારો<br>(૬) બાળકોનાં માનવ અધિકાર | (૭) કેદીઓનાં માનવ અધિકારો (શારીરિક, આરોગ્ય, કપડા પથારી, કસરત અને રમત-ગમત, તબીબી સેવા, ખોરાક, શિસ્ત અને શિક્ષા મુલાકાત, પાગલ અને માનસિક અમાન્ય કેદીઓ, કેદીઓને ખસેડવા બાબત )<br>(૮) પોલીસ અને માનવ અધિકાર |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | વિક્ટીમોલોજી | વિક્ટીમોલોજી | વિક્ટીમોલોજી |
| | (૧) પીડિતો વિશે સામાન્ય સમજ<br>(૨) પીડિતોને લગતી વિવિધ જોગવાઈ | (૩) વિવિધ પ્રકારનાં પીડિતોની સમજ<br>(૪) ગુના નિવારણ અને પીડિતો<br>. | (૫) નામદાર ઉપલી કોર્ટોનાં ચૂકાદાઓ અને જોગવાઈ વિશેની સમજ.<br>(૬) કેદીઓ ઓપન જેલ અને પીડિતો |
| ૧૭ | ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ | ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ | ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ |
| | (૧) ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબતોની વ્યાખ્યાઓ.<br>(૨) ફરજ મોકૂફી<br>(૩) શિક્ષાના પ્રકાર<br>(૪) શિસ્ત અધિકારી | (૫) કાર્યવાહી કરવાની સત્તા<br>(૬) મોટી શિક્ષા કરવાની પદ્ધતિ.<br>(૭) નાની શિક્ષા કરવાની પદ્ધતિ<br>(૮) જેની સામે અપીલ થઈ શકશે નહીં તે હુકમો. | (૯) જેની સામે અપીલ થઈ શકશે તે હુકમો<br>(૧૦) અપીલ કરવા માટેની સમય-મર્યાદા<br>(૧૧) અપીલનું સ્વરૂપ અને અંતર્વસ્તુ<br>(૧૨) અપીલની વિચારણા |